પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૭૬ | ૨૬ મે, ૨૦૧૮, શનિવાર ; અ. જેઠ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### બોધીગયા બ્લાસ્ટ કેસમાં પાંચ દોષી

બિહારના બોધીગયામાં મહાબોધી મંદિરમાં થયેલા સીરીયલ બ્લાસ્ટ મામલે પાંચ આરોપીઓને દોષી ગણાવ્યા છે. આ આરોપીઓને આગામી ૩૧મી મે ના રોજ સજા સંભળાવવામાં આવશે.

### મુંબઇ પોલીસ મહિલા સુરક્ષા માટે ૨૫૨ કરોડનો ખર્ચ કરશે

મુંબઈ પોલીસને મહિલાઓની સુરક્ષા માટે ૨૫૨ કરોડનું બજેટ મળ્યુ છે. આ બજેટ હેઠળ પેનિક બટન લગાવવાની સાથે સાથે હવાઈ સર્વે પણ કરવામાં આવશે.

### મલેશિયામાં પૂર્વ પીએમના ઘરે દરોડા

ભ્રષ્ટાચાર સંબંધિત કેસની તપાસના સત્તા પરથી બેદખલ કરાયેલા મલેશિયાના પૂર્વ પીએમ નજીન રઝાકના ઘરે દરોડા પાડ્યા હતા. દરોડા દરમ્યાન ત્રણ કરોડ ડોલરની રકમ તથા અન્ય કિંમતી ચીજવસ્તુઓ મળી આવી છે.

### કેનેડામાં ભારતીય રેસ્ટોરન્ટમાં બ્લાસ્ટ



કેનેડાના મીસીસોગાની એક ભારતીય રેસ્ટોરન્ટમાં બ્લાસ્ટની ઘટના સામે આવી છે. અહીંની બોમ્બેભેલ રેસ્ટોરન્ટમાં બ્લાસ્ટ થતાં ૧૫ લોકો ઘાયલ થયા છે.

# કુમારસ્વામી વિશ્વાસનો મત જીત્યા

**‘કર-નાટક’નો આખરે અંત : કુમારસ્વામીની તરફેણમાં ૧૧૭ ધારાસભ્યોના મત પડ્યા : કુમારસ્વામી હવે કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે યથાવત રહેશે : બહુમત પરીક્ષણ પહેલા ગૃહમાં ભારે ધાંધલ ધમાલ થઇ : ભાજપનો વોકઆઉટ : ૨૭મીથી રાજ્યવ્યાપી બંધની ચેતવણી**



બેંગ્લોર,તા. ૨૫

કર્ણાટક વિધાનસભામાં મુખ્યમંત્રી એચડી કુમારસ્વામીએ આજે વિશ્વાસમત જીતી લીધો હતો. ફ્લોર ટેસ્ટ દરમિયાન કુમારસ્વામીની તરફેણમાં ૧૧૭ ધારાસભ્યોના મત પડ્યા હતા. આ રીતે કોંગ્રેસ-જેડીએસ ગઠબંધને વિધાનસભામાં બહુમતિ પુરવાર કરી દીધી હતી. કુમારસ્વામી હવે કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે રહેશે. આની સાથે જ કર્ણાટકમાં હાલમાં ચાલી રહેલી રાજકીય ડ્રામેબાજીનો અંત આવી ગયો હતો. અત્રે નોંધનીય છે કે, બહુમત પરીક્ષણથી પહેલા ગૃહમાં ભારે ધાંધલ ધમાલ થઈ હતી અને ભાજપના ધારાસભ્યોએ વોકઆઉટ કર્યો હતો. બીજી બાજુ વિધાનસભામાં ભાજપના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી યેદીયુરપ્પાએ કુમારસ્વામી ઉપર

પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, જો ખેડૂતોના દેવા માફીની જાહેરાત કરવામાં નહીં આવે તો ભાજપ ૨૭મી મેથી રાજ્યવ્યાપી બંધ પાળશે. યેદીયુરપ્પાએ કહ્યું હતું કે, સત્તા માટે જેડીએસ અને કોંગ્રેસ કંઈ પણ કરી શકે છે. યેદીયુરપ્પાએ કોંગ્રેસના નેતા કુમારસ્વામી ઉપર પ્રહારો કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, કોઈના માટે વિલનની બાબત છે અને કોઈના માટે હિરોની બાબત રહેલી છે. વિધાનસભામાં ભાજપે છેલ્લી ઘડીએ સ્પીકર માટે પોતાના ઉમેદવારનું નામ પરત ખેંચી લીધું હતું. ત્યારબાદ કોંગ્રેસના રમેશકુમારને સર્વસંમતિથી સ્પીકર તરીકે બનાવી દેવામાં આવ્યા હતા. આ ફ્લોર ટેસ્ટથી પહેલા કોંગ્રેસ-જેડીએસ ગઠબંધન માટે આ જીતને મોટી જીત તરીકે ગણવામાં આવે છે. કર્ણાટકમાં હાલમાં ભારે ઉથલપાથલનો દોર રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, કર્ણાટકમાં હાઈડ્રામા અને પાવરબ્રોકિંગનો દોર અનેક દિવસ સુધી ચાલ્યા બાદ જેડીએસના નેતા એચડી કુમારસ્વામીએ ૨૩મી મેના દિવસે કર્ણાટકના ૨૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપના ઉમેદવાર હટી જતા કોંગ્રેસના રમેશ કુમાર અધ્યક્ષ બન્યા



બેંગ્લુરુ,તા. ૨૫

કર્ણાટક વિધાનસભાના સ્પીકર પદ માટે ભાજપે પોતાના ઉમેદવાર સુરેશ કુમારનું નામ પરત લેતાં કોંગ્રેસ-જેડીએસના ઉમેદવાર રમેશ કુમારની વિધાનસભાના સ્પીકર તરીકે બિનહરિફ પસંદ કરવામાં આવ્યા છે.

રમેશ કુમાર શ્રીનિવાસપુરથી કોંગ્રેસના ધારાસભ્ય છે. કુમારસ્વામીએ બિનહરિફ સ્પીકર પસંદ કરવા પર વિપક્ષનો આભાર માન્યો.

ભાજપે પોતાનો ઉમેદવાર ઉતારતા ભાજપ-કોંગ્રેસ વચ્ચે ટક્કરની થવાની શક્યતાઓ લગાવવામાં આવી રહી હતી. પરંતુ ભાજપે પોતાના ઉમેદવારનું નામ પરત ખેંચતા સ્પીકર પદ માટે કોગ્રેસનો રસ્તો સાફ થયો. ભાજપના નેતા યેદિયુરપ્પાએ રમેશ કુમારને સ્પીકર તરીકે પસંદ થવા પર શુભકામના પણ પાઠવી હતી.

# કાશ્મીરમાં શાંતિ માટે ઘુસણખોરી રોકવી પડશે

**મેજર ગોગોઇએ કોઇ ખોટું કામ કર્યું હશે તો તેને યોગ્ય દંડ કરાશે : સેના પ્રમુખ**

ન્યુ દિલ્હી,તા.૨૫

સરહદ પર પાકિસ્તાન તરફથી સતત કરવામાં આવી રહેલા ફાયરિંગ પર ભારતીય સેના પ્રમુખ જનરલ બિપિન રાવતે કડક ભાષામાં જવાબ આપ્યો છે. સેના પ્રમુખ રાવતે કહ્યું છે કે પાકિસ્તાનની સેના જ્યાં સુધી સરહદપારથી ફાયરિંગ કરી રહી છે તેમજ ઘુસણખોરી કરવાનો પ્રયત્ન કરી રહી છે ત્યારે સુધી ભારતીય સેના તેમને કરારો જવાબ આપતી રહેશે. સેના પ્રમુખ જનરલ બિપિન રાવતે કહ્યું કે પાકિસ્તાન જ્યાં સુધી સરહદ પારથી આતંકવાદીઓની ઘુસણખોરી અટકાવશે નહીં ત્યાં સુધી કાશ્મીરમાં કોઈપણ પ્રકારે શાંતિ સ્થપાશે નહીં. પાકિસ્તાનની સેના જ્યારે પણ સરહદપારથી ફાયરિંગ કરશે અને ઘૂસણખોરીનો પ્રયાસ કરશે ત્યારે તેને જડબાતોડ જવાબ આપવામાં આવશે.

સેના પ્રમુખ બિપિન રાવતે કહ્યું કે કાશ્મીરમાં સંઘર્ષવિરામ દરમિયાન અમારા તરફથી કોઈ ઓપરેશન કરવામાં નથી આવી રહ્યું. જો સરહદ પર શાંતિ રહેશે તો જ અમે સંઘર્ષ વિરામને આગળ વધારવા વિચારણા કરીશું. ઉલ્લેખનીય સેના પ્રમુખ બિપિન રાવતે આ નિવેદન પહેલગામમાં આર્મી ગુડવિલ સ્કૂલના ડિજિટલ એજ્યુકેશન પ્રોગ્રામના પ્રારંભના અવસર પર કહી હતી.

# વાવાઝોડુ મેક્કુની અસર પશ્ચિમ ભારતના દરિયાકાંઠે વર્તાશે

**વાવાઝોડું ઓમનમાં ત્રાટકે તેવા સંકેત : મહારાષ્ટ્રમાં ભારે વરસાદની શક્યતા**

નવીદિલ્હી, તા. ૨૫

વાવાઝોડુ મેક્કુનુ આવતીકાલે શનિવારના દિવસે ઓમાનમાં ત્રાટકે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતના પશ્ચિમી દરિયાકાંઠા ઉપર પણ તેની અસર જોવા મળી શકે છે. મેક્કુનુ વાવાઝોડાના પરિણામ સ્વરુપે જોરદાર વરસાદી ઝાપટા પડવાની સંભાવના દેખાઈ રહી છે. આઈએમડીના અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે,

● અનુસંધાન પાન-૭ પર

**નિપાહ વાયરસનો કહેર**

# દર્દીની સારવારમાં રહેલી નર્સનો બહિષ્કાર થયો

**કબ્રસ્તાનમાં સ્થિત સ્ટાફના કર્મીઓ પણ ઇનફેક્શનગ્રસ્ત મૃતદેહોની દફનવિધીને લઇને દુર ભાગી રહ્યા છે**



કોચી,તા. ૨૫

નિપાહ વાયરસથી અસરગ્રસ્ત લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે હવે લોકોમાં દહેશત પણ સતત વધી રહી છે. લોકોમાં વ્યાપક દહેશતના કારણે એક સામાજિક સમસ્યા પણ ઉભી થઈ ગઈ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે નિપાહ વાયરસથી ગ્રસ્ત લોકોની સારવારમાં રહેલી નર્સનો સમાજમાં બહિષ્કાર કરવામાં આવી રહ્યો છે. કબ્રસ્તાનમાં સ્થિત સ્ટાફના કર્મચારીઓ વાયરસ ગ્રસ્ત મૃતદેહની દફનવિધીની સામે પણ વાંધો ઉઠાવી રહ્યા છે. આવા મૃતદેહની દફનવિધીને લઈને આ લોકો દુર ભાગી રહ્યા છે. હાલમાં એવા બે મામલા સપાટી પર આવી ગયા છે ત્યારે નર્સનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. કોઝિકોડ સ્થિત પેરાબંરા તાલુક હોસ્પિટલની

● અનુસંધાન પાન-૭ પર

# પ્રજાએ ૨૦૨૨ સુધી ’ન્યૂ ઈન્ડિયા’ બનાવવાનો સંકલ્પ લીધો : મોદી

કોલકાત્તા, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પશ્ચિમબંગાળની મુલાકાતે પહોંચ્યા હતા. પી.એમ. નરેન્દ્ર મોદીનું કોલકાતા એરપોર્ટ પર ગવર્નર કેશારી નાથ ત્રિપાઠી અને કેન્દ્રીય મંત્રી બાબુલ સુપ્રિયાએ સ્વાગત કર્યુ હતુ. ત્યારબાદ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બન્નેજીએ તેમનું સ્વાગત કર્યુ હતુ.

**વડાપ્રધાને વિશ્વભરતી યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં ભાગ લીધો : નરેન્દ્ર મોદી અને બાંગલાદેશના પ્રધાનમંત્રી શેખ હસીનાના હસ્તે શાંતિનિકેતનમાં બાંગ્લાદેશ ભવનનું ઉદ્દઘાટન કરાયું**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વ ભારતી યુનિવર્સિટીના વિશ્વભરતી યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં પી.એમ મોદી શાંતિનિકેતન પહોંચ્યા હતા. જ્યા ૪૯માં કોન્વોકેશન સમારોહમાં ભાગ લીધો હતો. જ્યા પી.એમ. નરેન્દ્ર મોદી અને બાંગલાદેશના

● અનુસંધાન પાન-૭ પર



અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
અમૂલ ગોલ્ડ
₹26*/500mL
*MRP(Incl. of all taxes). Conditions apply.

**Required**
• B.Sc./M.Sc. Chemistry
Experience of min. 2 yrs In the field of water, waste water, air, stack etc.
Contact with resume@
Soni Group of Technologies
Kalol
M: 9909976277
Email: soni_group@ymail.com

**પ્રેરણા વિદ્યાલય**
ધો.૧૧ તથા ધો.૧૨ આર્ટસ/કોમર્સમાં પ્રવેશ ચાલુ છે
મર્યાદિત સંખ્યા, બાળકોના સર્વાંગી વિકાસ પ્રત્યે પુરતું ધ્યાન આપતી, વ્યાજબી ફી ધોરણવાળી એકમાત્ર પ્રતિષ્ઠિત સંસ્થા
(બાલમંદિરથી ધો.૧૦માં પ્રવેશ ચાલુ છે)
પ્લોટ નં. ૩૪૦, સેક્ટર-૫/એ, ગાંધીનગર
ફોન : ૨૩૨૪૬૦૦૭ ● સમય : સવારે ૮ થી ૧૨

**હાર્દિક અભિનંદન**



રાજદીપસિંહ પંકજસિંહ બિહોલા
મહામંત્રી ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસ
આપની ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસના મહામંત્રી તરીકે નિમણુંક થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ પ્રગતિના શિખરો સર કરો તેવી શુભેચ્છા સહ...
-● શુભેચ્છક ●-
સુરજ બારોટ
આશાપુરા કન્સ્ટ્રક્શન

**Blue Sky Tours and Travels**
₹ 2999 ગોવા 3 Nights / 4 Days - બ્રેકફાસ્ટ
₹ 13999 શિમલા - મનાલી 6 Nights / 7 Days બ્રેકફાસ્ટ + ડિનર
₹ 12999 મુનાર - થેકડી - કોવાલમ 6 Nights / 7 Days બ્રેકફાસ્ટ + ડિનર
₹ 19999 ચારધામ યાત્રા 10 Nights / 11 Days બ્રેકફાસ્ટ + લંચ + ડિનર
079-48922380, 9558109648, 9157391235

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શું તમે ધો.૧૦ની પરીક્ષા આપી? તમારે 11th & 12th Science JEE/NEET માટેની ટીપ્સ પ્રાપ્ત કરવી છે?
તા. ૨૭/૫/૨૦૧૮, રવિવાર, સમય : સવારે ૯.૦૦ થી ૧૧.૦૦
સ્થળ : SSV Campus, પ્લોટ નં. ૨૧૯, સેક્ટર-૩/બી, ગાંધીનગર



(FOR ANY INQUIRE YOU CAN VISIT OUR CAMPUS BETWEEN 9:00AM TO 12 NOON)
**SSV CAMPUS** a new hope
Plot No. 219, Sector - 3/B, Gandhinagar. • Phone : 079 232 63 231 / 079 232 63 232 Time : 9.00 am to 12 Noon
Call : 99257 54098, 7622 01 11 01 Time : 9.00 am to 12 Noon • ssv.campus@gmail.com • www.ssvcampus.in
Managed By



સંજય પટેલ | દીપક મિસ્ત્રી | શૈલેષ રાજગોર | વકાસ અજમેરી